ગાંધીનગર સમાચાર

ન્યુ ગાંધીનગરમાં વધુ ત્રણ બંધ મકાનોના તાળા તુટયા

# શિયાળામાં વિવિધ વસાણા ઓન ડિમાન્ડ






ગાંધીનગર, તા.૬

શિયાળાની શરુઆતના પ્રારંભે જ શહેરના બજારોમાં વિવિધ વસાણાની આઈટમ ઓન ડિમાન્ડ જોવા મળે છે. શિયાળાની સિઝનમાં આરોગ્યની દ્રષ્ટ્રિએ વસાણાની આઈટમ ઉત્તમ હોવાથી નાગરીકો ખરીદતા જોવા મળી રહ્યા છે. શિયાળામાં ખાસ કરીને કાળા તેમજ સફેદ તલનું કચરીયું, અડદીયા પાક, સાલમપાક બદામ પાક ગુંદરના લાડુ, ગુંદરના ડ્રાયફુટ લાડું, મેથીના લાડુનું વેચાણ થાય છે. અત્યારે હાલ રૂ.૪૦૦ થી ૬૫૦ સુધીમાં વિવિધ વસાણાની ચીજવસ્તુ બજારમાં હાજર સ્ટોકમાં છે. ત્યારે શિયાળો હોવાછતા નોટબંધીની સામાન્ય અસર વસાણામાં જોવા મળી રહી છે. વસાણાની ચીજવસ્તુના બજાર ભાવમાં કોઈ ફેર પડ્યો નથી.

ગાંધીનગર શહેરમાં શિયાળાના પ્રારંભે જ વિવિધ વસાણાની આઈટમ માર્કેટમાં આવી ગઈ છે. પરંપરાગત રીતે વર્ષોથી શિયાળામાં આરોગ્યની રીતે ફાયદાકારક હોવાથી નાગરીકો વસાણાની આઈટમ આરોગતા હોય છે. શિયાળાની કડકડતી ઠંડીમાં સુંઠ, ગંઠોડા સહિતના વિવિધ મસાલાથી તેમજ ચીજવસ્તુથી તૈયાર કરવામાં આવેલ વસાણા લાભદાયી નીવડે છે. શહેરના બજારમાં કચરીયું કાળા તેમજ સફેદ તલનું- રૂ.૨૦૦, અડદીયા પાક-૪૮૦, ખજુરપાક-૪૪૦, સાલમપાક-૬૮૦, બદામપાક - ૬૪૦, ગુંદરપાક-૪૪૦, મેથીના લાડું-૪૮૦, ગુંદરના ડ્રાયફુટ લાડુ-૫૨૦, રૂપીયે વેચાણ થાય છે. પરંતુ બજારમાં વસાણામાં વર્ષોથી અડદીયા પાક, મેથીના લાડુ, સાલમપાક અને કચરીયું હોટ ફેવરીટ છે. જયારે ગત્ વર્ષ કરતા બજારમાં કોઈ ભાવ વધારો નોંધાયો નથી. પરંતુ વેપારીઓના મતે નોટબંધીની અસર વેપાર પર વર્તાઈ રહી છે. પહેલા જેટલો વેપાર થતો હતો તેના કરતા સામાન્ય ઘરાકી જોવા મળી રહી છે. જયારે ગ્રાહકોએ પણ નોટબંધીને પગલે ખરીદીમાં કાપ મુકી દીધો છે.

## @ગાંધીનગર

• રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા પંચદેવ મંદિર સે-૨૨ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

• વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો દત્ત મંદિર, સે-૨૮ ખાતે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

• વિવેકાનંદ સંસ્કાર તપોવન સે-૧૭ ખાતે ધો-૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સ્વામી નિખિલેશ્વરાનંદજી દ્વારા રાત્રે ૮ કલાકે વિદ્યાર્થી જીવનમાં સર્વાંગી વ્યકિતત્વ વિકાસ વિષય પર વકતવ્ય યોજાશે.

## પ્રેરણા પ્રગતિ મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર પ્રેરણા પ્રગતિ મંડળ નાયી-વાળંદ સમાજની તાજેતરમાં બેઠક મળી હતી. જેમાં નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આ બેઠકમાં પ્રમુખપદે રમણલાલ વાળંદ, ઉપપ્રમુખ પદે ભવાનભાઈ નાયી, મેનેજીંગ ટ્રસ્ટી તરીકે અમૃતભાઈ નાયી તથા કોષાધ્યક્ષ તરીકે નંદુભાઈ પારેખની સર્વાનુમતે વરણી કરાઈ હતી. સમાજના નવા હોદ્દેદારોની વરણી થતા અન્ય સભ્યોએ તમામને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગાંધીનગરમાં આંબેડકરજીના પરિનિર્વાણ દિને પ્રતિમાને પુષ્પાંજલિ અપાઈ

ગાંધીનગર, તા.૬

ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ ગાંધીનગર સંસ્થા દ્વારા ડો. આંબેડકરજીના ૬૦મા પરિનિર્વાણ દિને તેમની વિધાનસભા સામેની પ્રતિમાને પુષ્પો અર્પણ કરી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંસ્થાના હોદ્દેદારો આગેવાનો તેમજ અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા ઉપરાંત સંસ્થાના પ્રમુખ ચીમનભાઈ રાઠોડ, ભરતસિંહ ચૌધરી, વિઠ્ઠલભાઈ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓની કુંભારની મુલાકાત

ગાંધીનગર, તા.૬

રાંધેજા ખાતે આવેલી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ અવાર નવાર વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ-પ્રવાસોનું આયોજન કરતી રહે છે. જે અંતર્ગત તા. ૫-૧૨-૨૦૧૬ના રોજ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ. પ્રાઈમરી વિભાગમાં અંગ્રેજી કાવ્ય પઠન રાખવામાં આવી હતી. જેમાં નાના ભૂલકાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તદુપરાંત રાંધેજા ગામના કુંભારની મુલાકાત કરવામાં આવી હતી. જેમાં બાળકોને માટી કામ કેવી રીતે થાય તેની માહિતી આપવામાં આવી હતી અને અલગ અલગ આકાર માટી અને ચાકડાથી કેવી રીતે બનાવવામાં આવે છે તેની માહિતી આપવામાં આવી હતી તેમજ બાળકોને પણ માટી કામ કરાવવામાં આવ્યું હતું.

## ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા ડૉ. આંબેડકરને પુષ્પાંજલિ

ગાંધીનગર, તા.૬

ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૬૦મી પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગર જિલ્લા દલિતસેના દ્વારા પુષ્પાંજલિ અર્પવામાં આવેલ હતી. જિલ્લા પ્રમુખશ્રી બાબુભાઈ મેસરવાલા તેમજ શ્રી રમેશભાઈ વાણિયા, ભલાભાઈ રાઠોડ, પી.એલ. પરમાર વગેરે દ્વારા ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી.

# સે-૨૪માં હવે મવાલીગીરી શરૂ...!

**લારી ગલ્લાવાળા પાસેથી હપ્તો વસુલતી ગેંગ સક્રિય : હપ્તો આપવાની ના પાડતા ત્રણ શખ્સોએ ખાણી-પીણીની લીરી ચલાવતા નાના વેપારીનું માથુ ફોડી નાંખ્યુ : પોલિસ ફરિયાદ**

ગાંધીનગર, તા.૬

શહેરના સે-૨૪ વિસ્તારમાં વેપારીઓને હેરાન-પરેશાન કરી મારઝુડ કરતા શખ્સો સામે અગાઉ પણ પોલીસ ફરિયાદો થયેલી છે ત્યારે હવે સે-૨૪માં મવાલીગીરી પણ શરુ થઈ ગઈ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. સે-૨૪માં લારી ગલ્લાવાળા પાસેથી આ એરિયામાં ઉભા રહી ધંધો કરવા દેવા માટે હપ્તો વસુલવામાં આવતો હોવાનું ધ્યાને આવ્યું છે. ગઈ કાલે હપ્તો આપવાની ના પાડનાર એક નાના વેપારીનું ત્રણ શખ્સોએ મળીને માથુ ફોડી નાંખી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની પોલિસ ફરિયાદ સે-૨૧ પોલીસ મથકે નોંધાવા પામી છે.

સેકટર-૨૪માં ખાણીપીણીનો નાના પાયે ધંધો કરતો વેપારી અભિનેષ રમેશચંદ્ર શુકલ ગઈ કાલે આ શખ્સોનો ભોગ બન્યો હતો. સે-૨૧ પોલીસમથકમાં અભિનેષે નોંધાવેલી ફરિયાદ મુજબ સે-૨૭માં રહેતા મેહુલ દેસાઈ, કુલદીપસિંહ અને અન્ય એક શખ્સ મળીને ત્રણ શખ્સો બુલેટ લઈને તેની લારી પાસે આવ્યા હતા. લારી પાસે આવીને કહ્યું કે તારી લારી દબાણમાં રાખેલી છે. એટલે ખર્ચાપાણીના રૂપિયા આપવા પડશે. અભિનેષે હપ્તો આપવાની ના પાડતા ત્રણેય ઉશ્કેરાઈ ગયા હતા અને લાકડી માથામાં મારીને માથુ નીચે પછાડી અભિનેષને ત્રણેય શખ્સોએ ધોઈ નાંખ્યો હતો. ગાળાગાળી કર્યા બાદ અહીં આ એરીયામાં હવેથી ઉભો રહીશ તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપીને ત્રણેય જતા રહ્યા હતા. આ મામલે અભિનેષની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે આઈપીસી ૩૨૩, ૩૨૪, ૫૦૪ અને ૧૪૪ મજબ ગુનો નોંધી પીએસઆઈ વસાવાએ વધુ તપાસ શરુ કરી છે. શખ્સો અગાઉ પણ આવી રીતે એક હજાર રૂપિયા લઈ ગયા હોવાનું અભિનેષનું કહેવું છે.

# ન્યુ ગાંધીનગરમાં વધુ ત્રણ બંધ મકાનોના તાળા તુટયા

**રાયસણ ખાતે બંગ્લોઝની સ્કીમમાં તસ્કરો ત્રાટકયા : મકાનમાંથી કાંઈ હાથ ન લાગતા તસ્કરોનો ફેરો ફોગટ**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં ઘરફોડ ચોરીઓ માંડ ઘટી છે ત્યારે હવે ઘરફોડીયાઓની નજર ન્યુ ગાંધીનગરની વિવિધ બંગ્લોઝની સ્કીમો પર પડી છે. દિવાળીથી અત્યાર સુધીમાં ૧૫થી વધુ બંધ મકાનોના તાળા તુટયા છે જેમાં ધોળાકુવા, કુડાસણ, રાયસણ અને રાંદેસણ વિસ્તારમાં સૌથી વધુ ઘરફોડ ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. આ તમામ વિસ્તારો એવા છે જયાંથી ઘરફોડ કર્યા બાદ તસ્કરો સરળતાથી ખેતરોમાં જઈને અંધારામાં ઓગળી શકે છે. બે દિવસ પહેલા છ મકાનોના તાળા કુડાસણ આસપાસની સોસાયટીઓમાં તુટયા હતા ત્યારે વધુ ત્રણ બંધ મકાનોના તાળા રાયસણ ખાતે તુટયા હોવાનું ધ્યાને આવ્યું છે.

રાયસણ ખાતે ગુડાના મકાનો પાસે આવેલી બંગ્લોઝની સ્કીમને તસ્કરોએ ટાર્ગેટ બનાવી હતી. વિવિધ ત્રણ બંધ મકાનના તાળા તોડી તસ્કરોએ ચોરીનો પ્રયાસ કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. જો કે ત્રણ પૈકી એક પણ મકાનમાંથી કોઈ કિંમતી ચીજવસ્તુ કે માલ મત્તાની ચોરી થવા પામી ન હોવાથી તસ્કરોનો ફેરો ફોગટ ગયો હતો. કોઈ કિંમતી સામાનની ચોરી કરવામાં તસ્કરો સફળ ન જતા મકાનમાલિકોએ પણ હાંશકારો અનુભવ્યો છે. મકાનમાંથી કાંઈ ગયું ન હોવાથી તેમણે ફરિયાદ કરવાનું ટાળ્યું છે. જો કે ઈન્ફોસીટી પોલીસે આ વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ ગોઠવી દીધું છે.

# પ્રાંતિયા ખાતે હોમગાર્ડ દિનની ઉજવણી




ચિલોડા, તા.૬

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામે સ્થિત સ્મૃતિ વિકાસ શાળામાં ચિલોડા (ડ) હોમગાર્ડ સબ યુનિટ દ્વારા આજરોજ હોમગાર્ડ સ્થાપના દિનની ઉજવણીને અનુલક્ષી વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ સમારોહના અધ્યક્ષસ્થાને પત્રકાર નટુભાઈ પટેલ બિરાજમાન હતા. કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. હોમગાડર્સ યુનિટ દ્વારા જિલ્લા હોમગાર્ડઝ ઈન્સ્પેકટર કે.ડી. રાજપુત તથા આમંત્રિત મહેમાનોનું શાબ્દીક સ્વાગત કરવામાં આવ્યું હતું. ડૉ. બાબા સાહેબ આંબેડકરના નિર્વાણદિન નિમિત્તે તસ્વીરને ફુલહાર પહેરાવી શ્રધ્ધાસુમન કર્યા હતા. હોમગાર્ડઝ યુનિટમાં વર્ષોથી ફરજ બજાવતા અને વયમર્યાદાને કરણે નિવૃત્ત થતા વી.એસ. ઠાકોર, રામભાઈ સોલંકી, ધીરુભાઈ રાઠોડ તથા બી.એન. જાદવે શાલ ઓઢાડી સુતરની આંટી પહેરાવી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ નિવૃત્ત થતાં કર્મચારીઓને સ્ટાફ પરિવાર તરફથી ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે નટુભાઈ પટેલે હોમગાર્ડઝ જવાનોની નિઃસ્વાર્થ સેવા, બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબના જીવન-કવન વિશે અને વિદાય લેતા હોમગાર્ડઝ જવાનોની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવીને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હોમગાર્ડઝ જવાનોએ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો જયારે હોમગાર્ડઝ ઈન્સ્પેકટર કે.ડી. રાજપુતે સૌ ઉપસ્થિત મહેનાનો અને હોમગાર્ડઝ જવાનોનો આભાર વ્યકત કર્યો હતો.





૬ ડિસેમ્બરનો દિવસ હોમગાર્ડ દિન તરીકે ઉજવાય છે ત્યારે ગાંધીનગર હોમગાર્ડ દ્વારા આજે તેના સ્થાપના દિન નિમિત્તે શહેરમાં તેને અનુલક્ષીને કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. હોમગાર્ડ ફોર્સ પોલીસની સહાયક તરીકે તેમજ કોઈ પણ કુદરતી આફતના સમયે પણ સહાયક તરીકે કામગીરી કરે છે ત્યારે આ નગરસેવકોના વણઉકેલ્યા પ્રશ્નો વિશે પણ વિચાર કરવો રહ્યો.

# બાળકો બનશે ઈકો એમ્બેસેડર

ગાંધીનગર, તા.૬

ભારત સરકારના નેશનલ ગ્રીન કોર્ટ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતની છ હજાર શાળામાંથી જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ ૨૫ બાળકોને 'યુવા ઈકો એમ્બેસડર' તરીકે ગાંધીનગર પ્રકૃતિ ઉદ્યાનમાં ત્રિદિવસીય શિબિરમાં પ્રકૃતિ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.




ગુજરાતમાં પ્રકૃતિ પ્રેમ અને તેની જાળવણી અંગે બાળકોમાં નાનપણથી સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે. જેથી પર્યાવરણ પ્રત્યે તેમનામાં પ્રેમ અને રક્ષણની ભાવના ઉત્પન્ન થાય. ભારત સરકારના ગ્રીન કોર્ટ કાર્યક્રમ હેઠળ ગુજરાતમાં છ હજાર શાળાઓ ઈકો કલબ સાથે જોડાયેલ છે. આ શાળાઓમાં 'પ્રકૃતિ બચાવો' પર અલગ અલગ વિષયો ઉપર વકતૃત્વ સ્પર્ધા થાય છે અને તેમાં પસંદગી પામેલા વિદ્યાર્થી તાલુકા અને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લે છે અને આખરે જિલ્લામાંથી ૧ બાળકની પસંદગી જિલ્લા ઈકો એમ્બેસડર તરીકે કરવામાં આવે છે. આ બાળકો અત્યારે ગાંધીનગરના પ્રકૃતિ ઉદ્યાનમાં ત્રિ દિવસીય પ્રકૃતિ શિબિરમાં ભાગ લેવા આવ્યા છે બાળકોની અને તેમની સાથે આવેલા શિક્ષકોની રહેવા-જમવા ની વ્યવસ્થા પ્રકૃતિ ઉદ્યાનના આંગણે કરવામાં આવી છે.

આ શિબિરમાં પ્રકૃતિનું જતન, તેના રક્ષણ માટેના પગલાઓ, ગ્લોબલ વોર્મિંગ તેની સામેના સાયન્ટીફીક કારણો અને તેનાથી બચવાના ઉપાયો, વૃક્ષોની માહિતી, પ્રાણીઓ, પંખીઓના વિષેનું જ્ઞાન વગેરે બાબતોનું ત્રિ દિવસીય શિબિરમાં તેમને શિક્ષણ આપવામાં આવશે તેમ પ્રકૃતિ ઉદ્યાનના ડેપ્યુટી ડાયરેકટર અતુલ અમીને જણાવ્યું હતું.

## ગાંધીનગર સ્થિત સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના ધર્મપત્નિ શાન્તાબેનનું અવસાન

ગાંધીનગર, તા.૬

ગુજરાતી સાહિત્યના જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના ધર્મપત્નિ શાંતાબેન કેશુભાઈ દેસાઈનું દુઃખદ અવસાન થયું છે. સામાજિક ક્ષેત્રે સક્રિય રહેલ શાંતાબેન કેશુભાઈ દેસાઈના અવસાનથી તેમનો પરિવાર ભારે શોકગ્રસ્ત બન્યો છે.



ગાંધીનગર નિવાસી ડૉ. કેશુભાઈ દેસાઈના ધર્મપત્નિએ સાબરકાંઠા જિલ્લા પંચાયતના સભ્ય તરીકે સક્રિય કામગીરી અદા કરી હતી. તેઓએ મહિલ કોંગ્રેસના અગ્રણી તરીકે સમાજિક ક્ષેત્રે વિવિધ સુધારાત્મક કાર્યો કર્યા હતા. સદગતનું બેસણું તા. ૧૧મી ડિસેમ્બરના રોજ બ્રહ્માકુમારીઝ ભવન સે-૨૮ ખાતે રાખવામાં આવ્યું છે.

## ચિરવિદાય

• સ્વ. સિધાભાઈ ગેલાભાઈ ભરવાડ, ઉ.વ. ૪૧